# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-07-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## સંસદનું ચોમાસુ સત્ર -:

સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠક દરમિયાન, સરકાર સંસદના બંને ગૃહોનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષોનો સહયોગ માંગશે. આ મહિનાની 21મી તારીખથી શરૂ થનાર ચોમાસુ સત્ર 21 ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. સત્ર દરમિયાન, બંને ગૃહોની કુલ 21 બેઠકો યોજાશે.

-----------------------------------------------------------------------------------

## PM-વન મહોત્સવ સોશિયલ પોસ્ટ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વન મહોત્સવ ઉજવણીમાં માનનીય ન્યાયાધીશોની ઉત્સાહપૂર્વક ભાગીદારીની પ્રશંસા કરી, પર્યાવરણીય જવાબદારી પ્રત્યે નાગરિકોને પ્રેરણા આપવામાં તેમની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ન્યાયાધીશોની ભાગીદારી રાષ્ટ્રવ્યાપી પહેલ, એક પેડ મા કે નામ, ને નવી ગતિ આપશે, જેનો હેતુ વ્યક્તિઓને તેમની માતાઓને શ્રદ્ધાંજલિ તરીકે વૃક્ષો વાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

-----------------------------------------------------------------------------------

## CM-અમદાવાદ લોકાર્પણ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, અમદાવાદ મહાનગરપાલિકાએ મોટા પાયે વૃક્ષારોપણ કરીને શહેરના લીલા આવરણમાં વધારો કરવાના પ્રશંસનીય પ્રયાસ કર્યા છે. મહાનગરપાલિકા દ્વારા “શહેરી વિકાસ વર્ષ 2025” અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ પહેલનો શુભારંભ

કરાવતા શ્રી પટેલે આ વાત કહી. તેમણે શહેરોના ટકાઉ વિકાસ થકી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાનો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો.

શ્રી પટેલે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મૂન ટ્રેઈલ- ગ્લૉ ગાર્ડન અને દેશના પ્રથમ સૌરઊર્જા સંચાલિત ઑન-રૂટ ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યું.

-----------------------------------------------------------------------------------

## CM-મૅરિટાઈમ યુનિવર્સિટી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ગુજરાત આજે વિશ્વના અનેક દેશ માટે ભારતના પશ્ચિમી કાંઠાનું પ્રવેશદ્વાર છે. મેરિટાઈમ ક્ષેત્રમાં તાલીમબદ્ધ વૈશ્વિક કક્ષાનું કાર્યદળ ગુજરાત મૅરિટાઈમ યુનિવર્સિટી થકી પૂરું પાડવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતા છે. ગાંધીનગરમાં આવેલી ગુજરાત મૅરિટાઈમ યુનિવર્સિટીના ગઈકાલે યોજાયેલા પહેલા પદવીદાન સમારોહમાં શ્રી પટેલે આ વાત કહી. દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્રહિતમાં સર્વોચ્ચ યોગદાન આપવા પણ અપીલ કરી.

દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને તેમની ઉત્કૃષ્ટતા બદલ સુવર્ણ ચંદ્રક પણ એનાયત કર્યા. મુખ્યમંત્રીએ સંબોધનની શરૂઆતમાં મહાન ક્રાંતિવીર મંગલ પાંડેજીને યાદ કર્યા હતા.

-----------------------------------------------------------------------------------

## કેન્દ્રીય કૃષિમંત્રી-શિવરાજસિંહ ચૌહાણ-જુનાગઢ:

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ ગઈકાલે જુનાગઢના પ્રવાસ દરમિયાન ગીરની મુલાકાત લીધી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, ગીરના અદભૂત જંગલમાં પ્રકૃતિનું અલૌકિક સૌંદર્ય નજીકથી જોવાની તેમને આજે તક મળી. ગીર એક જંગલ નહીં, પણ આપણી સંસ્કૃતિ, ગૌરવ અને પ્રકૃતિની સાથે આપણા સંબંધોનું જીવંત પ્રતિક છે. ગીરની સફારીમાં સરળતાથી જંગલના રાજા સિંહના દર્શન થાય છે તેમ ઉમેરતાં શ્રી ચૌહાણે સૌને ગીર આવવા પણ અપીલ કરી.

શ્રી ચૌહાણે જુનાગઢના રાષ્ટ્રીય મગફળી સંશોધન કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના ખેડૂતો સાથે સંવાદ કર્યો. ઉપરાંત તેમણે સખી મંડળ- સ્વસહાય જૂથની મહિલાઓ, લખપતિ દીદી બહેનો સાથે પણ સંવાદ કરી તેમના યોગદાનની પ્રશંસા કરી.

---

## હવામાન:

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. ત્યારે આજે કચ્છ, મોરબી અને જામનગર જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. દરમિયાન માછીમારોને 22 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

જિલ્લા કન્ટ્રોલરૂમમાંથી મળતી વિગત અનુસાર ગઈકાલે સાંજે 6 વાગ્યાથી આજ સવારના 6 વાગ્યા દરમ્યાન સૌથી વધુ લખપતમાં 24 મિલી મીટર, ભુજ 14, ગાંધીધામ 4, રાપર6, ભચાઉ 11, અંજાર 23, નખત્રાણા 6, મુંદરા 20, માંડવી 15, અબડાસા 16 મિલીમીટર સાથે જીલ્લા કુલ 139 મિલીમીટર વરસાદ નોંધાયો છે.

---

## આદિપુર-પોલીસ ચોકી લોકાર્પણ:

આદિપુરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ બજારમાં ટ્રાફિક સમસ્યામાંથી લોકોને મુક્તિ મળે તેવા ઉદ્દેશ્યથી બે પોલીસ ચોકીનું આજે લોકાપર્ણ કરાશે.

આ અંગે મળતી માહિતી અનુસાર આદિપુર પોલીસ સ્ટેશન હસ્તકની એ ફોર બીટ પોલીસ ચોકી તથા 80 બજાર પોલીસ ચોકીનું ઉદ્ઘાટન તથા લોકાર્પણ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષકના હસ્તે આજે સવારે કરવામાં આવશે. આદિપુરમાં ખાસ કરીને ટ્રાફિક સમસ્યા નિવારવા સ્તૂત્ય પગલું પોલીસ દ્વારા ભરાયું છે.

---